પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧ | ૨૨ માર્ચ, ૨૦૨૧, સોમવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં એક્ટિવ કેસ ૩ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૪૩,૮૪૫ પોઝિટિવ કેસ, ૧૯૭ના મોત : દેશમાં ૧૧૫ દિવસ બાદ કોરોનાના દૈનિક કેસોમાં રેકોર્ડ ઉછાળો જોવા મળ્યો, એકલા મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે એક દિવસમાં ૯૨ લોકોએ જીવ ગુમાવ્યો : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઠાકરેના પુત્ર અને પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરે કોરોનાથી સંક્રમિત**



ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં સતત બીજા દિવસે કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ને પાર ગયો છે. પાછલા ૨૪ કલાકમાં મૃત્યુઆંક ૨૦૦ની નજીક પહોંચ્યો. જ્યારે સતત નવા કેસની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસનો આંકડો આખરે ફરી ૩ લાખને પાર થઈ ગયો છે. સતત નવા કેસ અને મૃત્યુઆંક વધવાના કારણે પાછલા વર્ષે જે રીતે કોરોનાના કેસ વધતા હતા તેના કરતા ઝડપથી કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. એકલા મહારાષ્ટ્રમાં જ ૯૦ કરતા વધુ લોકોએ એક જ દિવસમાં કોરોના સામે દમ તોડ્યો છે. આ સાથે દેશમાં એક્ટિવ કેસોનો આંકડો ફરીથી ૩ લાખની પાર પહોંચ્યો છે. આજે નોંધાયેલા કોરોના કેસોનો આંકડો આ વર્ષમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. ભારતમાં અત્યાર સુધી ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોનાની રસી લગાવવામાં આવી છે. રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૪૩,૮૪૬ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સામે ૨૨,૯૫૬ દર્દીઓ સાજા થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભા સ્પીકર ઓમ બિરલા કોરોનાથી સંક્રમિત : એઈમ્સમાં દાખલ

**ઓમ બિરલાની તબિયત થોડા સમયથી ખરાબ હતી**

નવી દિલ્હી,તા.૨૧

લોકસભા સ્પીકર ઓમ બિરલા કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા છે. ઓમ બિરલાએ કોરોના પોઝિટિવ હોવાની જાણકારી પોતે ટ્વીટ કરીને આપી છે. ઓમ બિરલાએ તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરોનાની તપાસ કરાવવા માટે કહ્યું છે. નોંધનીય છે કે, કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદથી ઓમ બિરલા દિલ્હી એઈમ્સમાં સારવાર લઈ રહ્યા છે. મળતી જાણકારી મુજબ, લોકસભા સ્પીકર ઓમ બિરલાની તબિયત થોડાક સમયથી ખરાબ હતી. તેમનો જ્યારે કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો તો તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમને ૨૦ માર્ચે એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં વરિષ્ઠ ડૉક્ટરોની દેખરેખ હેઠળ તેમના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી રહી છે.

## કોરોના રસી આઠથી દસ મહિના સુધી સંક્રમણથી સંપૂર્ણ રીતે સુરક્ષા આપવામાં સક્ષમ : ડૉ. ગુલેરીયા

દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને માર્ચ મહીનામાં કોરોનાએ વધુ સ્પીડ પકડી છે. દેશમાં રશીકરણ પણ જોરશોરથી ચાલી રહ્યું છે. ત્યારે કેટલાક કિસ્સામાં રસી લીધા પછી પણ કોરોના પોઝીટીવ આવ્યો છે. આ અંગે એઈમ્સના ડાયરેક્ટર ડૉ. ગુલેરીયાએ જવાબ આપ્યો છે.

એઈમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરીયાએ શનિવારે કહ્યું કે કોવિડ-૧૯ રસી ૮ થી ૧૦ મહીના સુધી સંક્રમણથી સુરક્ષા આપવામાં સક્ષમ હોઈ શકે છે. તેમણે એ પણ કહ્યુ કે રસીથી કોઈ મોટુ નુકસાન થાય તેવુ સામે નથી આવ્યુ. કોરોના સંક્રમણ વધી રહ્યુ છે તેનું સૌથી મોટી કારણ છે કે લોકોને લાગી રહ્યુ છે કે મહામારી ખતમ થઈ ગઈ છે અને કોવિડથી બચાવના નિયમોનું પાલન નથી કરી રહ્યા.

ડૉ. ગુલેરીયાએ કહ્યુ કે લોકોએ પોતાની માનસિકતા બદલીને હજુ થોડાક વધુ સમય માટે બિન જરૂરી યાત્રાને સ્થગિત કરવી જોઈએ. નીતિ આયોગના સભ્ય વી.કે. પોલે કહ્યું કે સંક્રમણની કડી રોકવી પડશે અને તેના માટે રસી એક સાધન છે. પરંતુ બીજો ઉપાય છે અટકાવ અને તપાસ. તેમણે કહ્યુ કે જો અમારી પાસે રસીનો પુરવઠા પુરતી માત્રામાં હોત તો બધા માટે રસીકરણ શરૂ કરી દીધુ હોત. વૃદ્ધોએ રસી લેવામાં વિલંબ ન કરવો જોઈએ.

## દેશમુખના ભાવિનો ફેંસલો આજકાલમાં

**રાજીનામાનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રી જ કરશે**



ન્યુ દિલ્હી,તા.૨૧

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય ઘમાસાણ વચ્ચે એનસીપી ચીફ શરદ પવારે રાજયના ગૃહમંત્રીને તત્કાળ અસરથી હટાવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે સ્વિકાર્યું હતું કે, દેશમુખ પર ગંભીર આરોપ જરૂર લાગ્યા છે પરંતુ તેમના રાજીનામાને લઈને અંતિમ નિર્ણય તો મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે જ કરશે. સાથે એમ પણ કહ્યું હતુ કે, આ પ્રકરણથી સરકારની છબીને કોઈ નુકસાન નહીં પહોંચે.

શરદ પવારે મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહ પર વિવાદાસ્પદ પોલીસ અધિકારી સચિન વાઝેની ફરીથી પોલીસ્ ફોર્સમાં નિમણૂંક કરવાના પણ આરોપ લગાવ્યા હતાં. તેવી જ રીતે પરમબીર સિંહે સીએમ ઓફિસને લખેલા પત્રમાં તેમના હસ્તાક્ષર ના હોવાનું પણ જણાવીને આડકતરી રીતે પત્ર પર જ શંકા સેવી દીધી હતી.

શરદ પવારે આજે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પ્રકરણમાં સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે, પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીનિવેતાની, મનુ ભાકર અને યશસ્વિનીએ ગોલ્ડ મેડલ જીત્યો

**ભારતે ફાઇનલમાં પોલેન્ડને ૧૬-૮થી પરાજય આપ્યો : બીજીતરફ પ્રતાપ સિંહ તોમર, દીપક અને પંકજ કુમારની ભારતીય એર રાઇફલ પુરૂષ ટીમે સિલ્વર મેડલ જીત્યો**

નવી દિલ્હી,તા.૨૧

ભારતીય શૂટર મનુ ભાકર, યશસ્વિની દેસવાલ અને શ્રીનિવેતાએ આઈએસએસએફ



વિશ્વ કપ શૂટિંગના ત્રીજા દિવસે રવિવારે મહિલા ૧૦ મીટર એર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ પર નિશાન સાધ્યું હતું. ભારતે ફાઈનલમાં પોલેન્ડને ૧૬-૮થી પરાજય આપ્યો હતો. બીજીતરફ એશ્વર્ય પ્રતાપ સિંહ તોમર, દીપક કુમાર અને પંકજ કુમારની ભારતીય એર રાઈફલ પુરૂષ ટીમે સિલ્વર મેડલ જીત્યો. ભારતીય ટીમે ગોલ્ડ મેડલ માટે મુકાબલામાં ૧૪ પોઈન્ટ બનાવ્યા અને તે લુકાસ કોજેનીસ્કી, વિલિયમ સૈનર અને ટિમોથી શેરીની અમેરિકી ટીમ બાદ બીજા સ્થાને રહી હતી. અમેરિકી ટીમે ૧૬ પોઈન્ટ બનાવ્યા હતા. ભારતીય ટીમ ૬૨૩.૪ પોઈન્ટ લઈને બીજા સ્થાને રહેતા ગોલ્ડ મેડલના રાઉન્ડમાં પહોંચી હતી. આ ક્વોલીફાઈગ રાઉન્ડમાં પણ અમેરિકા ૬૨૫.૨ પોઈન્ટ લઈને ટોપ પર રહ્યું હતું.

દક્ષિણ કોરિયાની ટીમે ઈરાનને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ પૂર્વ પહેલા ક્વોલીફિકેશનમાં ભારતીય ટીમે ૧૮૮૫.૯ પોઈન્ટ લઈને પ્રથમ સ્થાન હાસિલ કર્યુ હતું. અમેરિકા ૧૮૮૦.૮ પોઈન્ટ સાથે બીજા અને દક્ષિણ કોરિયા ૧૮૮૦.૩ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું.

## રાજસ્થાનના આઠ શહેરમાં આજથી નાઈટ કર્ફ્યૂ અમલી

જયપુર, તા. ૨૧

કોરોનાની બીજી લહેરને જોતા રાજસ્થાનના ૮ શહેરોમાં ૨૨ માર્ચથી નાઈટ કર્ફ્યૂ લગાવવાનો નિર્ણય લેવાયો છે. રાજસ્થાન સરકારે કોરોનાના વધતા સંક્રમણની વચ્ચે જયપુર સહિત મુખ્ય ૮ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ લગાવવાનો આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતની અધ્યક્ષતામાં કોરોનાને લઈને મળેલી સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લેવાયો.

**● કોલેજો ૫૦ ટકા હાજરી સાથે ચલાવવાનો આદેશ**
**● આગામી આદેશ સુધી પ્રાઈમરી સ્કૂલો પણ બંધ રાખવા પણ કહેવાયું**

કોવિડ-૧૯ના વધતા સંક્રમણને જોતા ગેહલોત સરકારે જે ૮ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ લગાવવાનો નિર્ણય લીધો છે, તેમાં પાટનગર જયપુર સહિત અજમેર, ભીલવાડા, જોધપુર, કોટા, ઉદયપુર, સાગવાડા અને કુશલગઢ સામેલ છે. આ નાઈટ કર્ફ્યૂ સોમવારે એટલે કે ૨૨ માર્ચથી લાગુ થશે. આ શહેરોમાં રાત્રે ૧૧ કલાકથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યૂ રહેશે.

કોરોનાને લઈને મળેલી સમીક્ષા બેઠકમાં સરકારે ૨૨ માર્ચથી રાજ્યના બધા શહેરી વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા પછી બજાર બંધ કરવાનો આદેશ આપ્યો છે. તે સાથે જ ૨૫ માર્ચથી રાજસ્થાનમાં બહારથી આવનારા બધા મુસાફરો માટે ૭૨ કલાકની અંદર જ આરટી-પીસીઆર નેગેટિવ રિપોર્ટ ફરજિયાત હશે. પરંતુ, જે મુસાફર નેગેટિવ રિપોર્ટ વિના આવશે, તેને ૧૫ દિવસ ક્વારન્ટાઈનમાં રહેવું પડશે.

રાજ્ય સરકાર મુજબ, પ્રાઈમરી સ્કૂલ આગામી આદેશ સુધી બંધ રહેશે. કોલેજોમાં ૫૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ નહીં આવી શકે. તેના માટે વાલીઓની લેખિત સંમતિ જરૂરી રહેશે, તે પછી જ બાળકોને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મળશે.

## ગાડી જૂની કે નવી ફિટનેસ ટેસ્ટ વગર રસ્તા પર નહીં દોડી શકે

**૨૦ વર્ષ જૂના પર્સનલ વાહનો રસ્તા પર નહીં દોડી શકે : ૨૦૨૩ સુધી દેશમાં ૭૫ ફિટનેસ સેન્ટર અને ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ૫૦ સ્ક્રેપિંગ સેન્ટર ઊભા કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્ર સરકારે વ્હીકલ સ્ક્રેપેજ પૉલિસીની જાહેરાત કરી દીધી છે. રોડ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં વ્હીકલ સ્ક્રેપેજ પૉલિસીની જાહેરાત કરતા કહ્યુ કે, ૧૫ વર્ષ જૂના કોમર્શિયલ વાહનો અને ૨૦ વર્ષ જૂના ખાનગી વાહનો ફિટનેસ ટેસ્ટ વગર રસ્તા પર નહીં દોડી શકે. ફિટનેસ ટેસ્ટ પાસ થયા બાદ જ આ વાહનોની સર્ટિફિકેટ રિન્યૂ કરી આપવામાં આવશે. નીતિન ગડકરીએ કહ્યુ કે, ફિટનેસ ટેસ્ટમાં અનફિટ થતા વાહનોને સ્ક્રેપ કરી દેવામાં આવશે. તેમણે કહ્યુ કે, ફિટનેસ ટેસ્ટ માટે વિશેષ સેન્ટર બનાવવામાં આવશે. પરિવહન મંત્રાલયના સૂત્રોનું માનીએ તો મંત્રાલયની યોજના છે કે માર્ચ ૨૦૨૩ સુધી દેશભરમાં ૭૫ ફિટનેસ સેન્ટર બનાવવામાં આવે. જ્યારે ડિસેમ્બર, ૨૦૨૩ સુધી દેશભરમાં ૫૦ સ્ક્રેપિંગ સેન્ટર બનાવવામાં આવશે. પરિવહન મંત્રાલયના સૂત્રોએ કહ્યુ કે, જો લીઝ પર લીધેલી જમીન પર સ્ક્રેપિંગ સેન્ટર સ્થાપિત કરવામાં આવશે તો એક સ્ક્રેપિંગ સેન્ટર પાછળ આશરે ૧૮ કરોડ રૂપિયા ખર્ચ આવશે. જ્યારે જમીન ખરીદીને તેના પર સ્ક્રેપિંગ સેન્ટર બનાવવામાં આવશે તો આ પાછળ આશરે ૩૩ કોરડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે. લોકસભામાં નવી પૉલિસીની જાહેરાત કરતા નીતિન ગડકરીએ જણાવ્યું કે, આ પૉલિસી તમામ પક્ષકારો માટે ફાયદાકારણ સાબિત થશે.


## દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની, ભારત ચોથા સ્થાને

બીજિંગ,તા.૨૧

સંરક્ષણને લગતા મુદ્દાઓ પર પ્રકાશ ફેંકતી વેબસાઈટ મિલટરી ડાયરેક્ટ દ્વારા આજે જાહેર કરાયેલા એક અભ્યાસના તારણઓ પ્રમાણે દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની છે.જ્યારે ભારત ચોથા સ્થાને છે.

આ અભ્યાસમાં કહેવાયુ છે કે, સેના પર ભારે ખર્ચ કરી રહેલુ અમેરિકા દુનિયામાં બીજા ક્રમે છે.જ્યારે રશિયા ત્રીજા અને ભારત ચોથા ક્રમે છે.પાંચમા ક્રમે ફ્રાન્સ છે.જ્યારે બ્રિટન નવમા ક્રમે છે.

આ સર્વેક્ષણમાં સેના માટેનુ બજેટ, સૈનિકોની સંખ્યા, પરમાણુ હથિયારો તેમજ પરંપરાગત હથિયારો, સૈનિકોને અપાતો સરેરાશ પગાર જેવા મુદ્દાઓને સામેલ કરીને રેંક્નિંગ તૈયાર કરવામાં આવ્યુ છે.ચીનની સેનાને ૧૦૦માંથી ૮૨ પોઈન્ટ મળ્યા છે અને તેને દુનિયાની સૌથી શક્તિશાળી સેના જાહેર કરાઈ છે.


દરેક પ્રકારની કોર્પોરેટ ગીફ્ટ
કીચેન • બોલપેન • મની પર્સ
વોલ ક્લોક અને ટેબલ ક્લોક
વુડન ભગવાનના ફોટા • બ્યુટી પાર્લર માટે લેડિઝ મિરર અને ઘણુ બધુ
TK ART CORNER
આશાપુરા ફેબ્રીક્સની ઉપર, બદો પોળ પાસે, આસ્ટોડીયા, રંગાટી બજાર, અમદાવાદ -૦૧
98258 45060
83474 54707

